ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*શરતો અને અવિશ્વાસ સાથે ચઢાણ થાય છે,*
*સત્તા માટે વલખતા પક્ષોનાં મંડાણ થાય છે,*
*રહેઠાણ છે આ આતંકના નાગો વચ્ચે ચિંતાનું -*
*પીડીપી-ભાજપા, ગરજનું કમઠાણ થાય છે.*
*(કાશ્મીરમાં ગઠબંધન)*

હાઈકુ

*'સમજ નથી !?'*
*આ વાઈ-ફાઈ શું છે?!*
*- શ્રી અડવાણી..!*

*સ્માર્ટ વિલેજ ?!*
*સ્માર્ટ અધિકારીનાં*
*છે કરતૂત!*

*(સામાન્યજન ન સમજે એવો 'વિકાસ')*

### ચિંતન

**પંડિતૈ : સહ સાંગત્યં**
**પંડિતૈ : સહ સંકથા : ।**
**પંડિતૈઃ સહ મિત્રત્વં**
**કુર્વાણો નાવશીદતિ ॥**

પંડિતના સત્સંગમાં જ સદાય રહેતો વ્યક્તિ, અને પંડિતો સાથે જ સંવાદ-ચર્ચા-વાર્તાલાપ કરતો વ્યક્તિ, અને પંડિતો સાથે જ મૈત્રી રાખતો વ્યક્તિ કદી પણ નિષ્ફળ જતો નથી - તેનો સદાય બચાવ થાય છે.

આપણા ગ્રંથો - અને વ્યાખ્યાનોમાં કથાકારો અને સંતોએ સત્સંગનું મહત્ત્વ ખૂબ જ ગાયું છે. સત્સંગનો પ્રભાવ અને પ્રસાદ હોય એ માનવી કદી પણ નિષ્ફળ જતો નથી.

### સુવિચાર

- આપણા જીવનની દરેક પ્રવૃત્તિ અને વળાંક બીજા માટે અર્પીત હોય તો એ ઉપાર્જન છે, પોતાની જાતને ભૂલી જવી એ આનંદ છે - **નવનીત**
- મોટા ભાગના લોકો પોતાનું મોટા ભાગનું જીવન એ ગુણો પ્રદર્શિત કરવામાં વેડફી નાખે છે કે જે એની પાસે હોતા જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણા સુખની અદેખાઈ કરનાર કોઈ ન હોય તો સુખની કોઈ કિંમત જ નથી - **ગુલઝાર**
- વ્યક્તિ પોતાની અલ્પતાની પૂર્તિ કલ્પનાશક્તિ દ્વારા કરે છે અને પ્રાપ્તિનો સંતોષ રમૂજ દ્વારા - **સંત ફ્રાન્સીસ**
- સુખ એ બુદ્ધિનો નો નહીં, પણ કલ્પાના નો આદર્શ છે - **મોરારિ બાપુ**
- જીવનનું શ્રેષ્ઠત્તમ એટલે આપણને કોઈ ચાહે તેવી અટલ શ્રદ્ધા - **સુરેશ દલાલ**
- આજનું ઔષધ : પેટમાં ગેસ થતો હોય તો ડુંટી પર એરંડીયુ લગાડી હીંગ લગાવી દો, રાહત થશે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ યુવાનો મોબાઈલમાં અટવાયા હોય અને વડીલ બોલાવે તો પહેલાં તો સાંભળે જ નહીં - પછી ઘાંટાથી બોલાવે તો 'બે મિનિટ' કહી ઉપેક્ષા કરે અને બે કલાક કાઢી નાખે. કોઈ કામમાં 'સમય'નું ભાન કે પાલન ન કરવું એ એમનો શોખ-ટેવ બની ગયા છે.

ગાંધીજી સમય પાલનમાં ખૂબ જ ચૂસ્ત હતા. અને સમય પાલનમાં ચૂક ન થાય એટલે કેડ પર એક નાની ઘડિયાળ લટકતી બાંધી રાખતા.

એકવાર વિદ્યાપીઠથી નિકળી ગાંધીજીએ ગાંધી આશ્રમમાં કોઈ વ્યાખ્યાન આપવા જવાનું હતું. રણછોડલાલ શેઠની ગાડીમાં નિશ્ચિત સમયે જ ત્યાં પહોંચવાનું હતું.

ગાંધીજી સમયસર વિદ્યાપીઠને ઝાંપે આવ્યા. શેઠની ગાડી આવી નહીં.

ત્યાં વિદ્યાર્થી અમૃતલાલ રોલેટ સાયકલથી ત્યાંથી પસાર થયા. ગાંધીજીએ એમની સાયકલ માગી અને સાઈકલ પર બેસી. સમયસર પહોંચવાનો સમય સાચવી લીધો.

## ઉત્તરાખંડના ધારાસભ્યોની સંતાકૂકડી

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરાખંડમાં હરીશ રાવતના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકાર સામે એમના જ પક્ષના પૂર્વ મુખ્યમંત્રી બહુગુણા અને કેબિનેટ મંત્રી હરકસિંહ રાવત જૂથે બળવો પોકારતાં સરકાર સામે ભારે સંકટ સરજાયું છે. આઠ-નવ કોંગ્રેસી ધારાસભ્યોએ સ્પીકર પાસે જઈ હરીશ રાવત સરકાર વિરુદ્ધ અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. આખું કમઠાણ ભાજપ પ્રેરિત હોવાનું મનાઈ રહ્યું છે. આગામી પાંચ રાજયોની ચૂંટણી પૂર્વે જ અરૂણાચલની જેમ ઉત્તરાખંડમાં પણ કોંગ્રેસની સરકારનું ઉઠમણું કરી દેવાની રાજરમત પાછળ દેખીતી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું ભેજું કામ કરી રહ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ધારાસભ્યોના બળવા સામે પાર્ટી પાસે ઉગામવાલાયક એક જ શસ્ત્ર હોય છે : બરતરફી. ઉત્તરાખંડ સરકારના કોંગ્રેસી સ્પીકરે પક્ષ વિરોધી વલણ બદલ આઠ ધારાસભ્યોને આ ધમકી આપી છે, જેની સામે એમને નૈનીતાલ હાઈકોર્ટમાં દાદ માગી ત્યારે હાઈકોર્ટે પણ દખલ-અંદાજી કરવાની ના ભણી દેતાં ભાજપ પ્રેરિત કોંગ્રેસી ધારાસભ્યોનો બળવો દિશાવિહીન અને પરિણામવિહીન બની રહેવાની શક્યતા સરજાઈ છે. બળવાખોરો હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમકોર્ટના શરણે જઈ રહ્યા છે, તો બીજી તરફ પોતાના જ ધારાસભ્યો ફૂટી ન જાય એની તકેદારી રાખવા માટે ભાજપના નેતાઓએ એમને રાજસ્થાન પહોંચાડી દીધા છે. રાજસ્થાનમાં તેઓએ એકી સાથે - ઘેટાંની જેમ અહીંથી તહીં ફેરવીને મનોરંજન પીરસવામાં આવી રહ્યું છે! રાજસ્થાનની ભાજપ સરકારને એમની ચોકી કરવાની જવાબદારી સોંપાઈ છે. કોંગ્રેસી બળવાખોરો પણ ગુમ થઈ ગયા છે, જો કે હાઈકમાંડ મારફત હરકસિંહ રાવતના સંપર્કમાં રહી વર્તમાન મુખ્યમંત્રી આજ રોજ વિધાનસભાના પટલ પર બહુમતી સિદ્ધ કરવા પ્રયત્નશીલ જરુર છે. પ્રજા એણે ચૂંટેલા પ્રતિનિધિઓના આવા બહુરુપીના ખેલ જોઈને વ્યથા અનુભવે તે સમજી શકાય એમ છે. પરંતુ ધારાસભ્યોને એની કશી ફિકર નથી હોતી. એક વાર યેનકેન પ્રકારેણ ચૂંટાઈ ગયા એટલે રાજા! પછી એમને મન ફાવે તેમ વર્તે. ઉત્તરાખંડની કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી બહુગુણાના કાર્યકાળમાં ભારે જળપ્રલય આવ્યો હતો. એ વખતે વર્તમાન મુખ્યમંત્રી હરીશ રાવત કેન્દ્ર સરકારમાં મંત્રી હતા. એમના ટેકેદારોએ બળવો કરતાં કોંગ્રેસ હાઈકમાન્ડે બહુગુણાને રાજીનામું આપવા જણાવવું પડ્યું હતું. તે વખતે પણ હરકસિંહ રાવત મુખ્યમંત્રીપદના દાવેદાર હતા જ. પરંતુ કેન્દ્રીય નેતાગીરીએ એમને નજરઅંદાજ કરીને હરીશ રાવતને સુકાન સોંપ્યું હતું. હવે એ જ હરકસિંહ રાવત ફરી એક વાર બળવાખોર કોંગ્રેસી તરીકે બહાર આવ્યા છે. રાજકારણાં પાર્ટીની શિસ્ત બહુ જરુરી ગણાતી હોય છે. પરંતુ જયારે હાઈ કમાંડ સામે બળવાખોરો પોતાની તાકાત બતાવવા તૈયાર થાય ત્યારે છેલ્લા વિકલ્પ તરીકે હાઈકમાંડ બળવાખોરોને સંતુષ્ટ કરવા સારા મુખ્યમંત્રીઓનો પણ ભોગ લેતું હોય છે. કોંગ્રેસની રાજય સરકારોને અસ્થિતર કરી દેશભરમાં ભગવો લહેરાવવાની નીયત સાથે વર્તમાન કેન્દ્ર સરકારના રાજકારણના ખેલ પાડી રહી છે, પરંતુ કયારેક આવા ખેલ બૂમરેંગ પણ થઈ શકે. એ પબ્લિક હૈ, સબ જાનતી હૈ!

## બંધારણ મુજબ સંસદીય શબ્દોની સરળ સમજ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં સંસદના બન્ને ગૃહની કાર્યવાહી ચાલુ છે. જેમાં આમ જનતાને સંસદીય કાર્યવાહીની સમજ મળે તે આશયથી સંસદીય શબ્દોની સરળ સમજ અત્રે રજુ કરેલ છે.

**સભા મોકુફી પ્રસ્તાવ :** એટલે મુખ્ય હેતુ જાહેર હિતની મહત્વપૂર્ણ બાબત અંગે ગૃહનું ધ્યાન ખેંચી તેનો સ્વીકાર કરાય તો સામાન્ય રીતે ગૃહનું કામકાજ મોકુફ રાખીને તે બાબત હાથ ઉપર લેવાય તે માટે ૫૦ સભ્યોની સહિની સમંતી જરૂરી છે.

**ધ્યાનાકર્ષક પ્રસ્તાવ :** અધ્યક્ષની પરવાનગીથી જયારે કોઈ સભ્ય સાર્વજનીક મહત્વના વિષય તરફ કોઈ મંત્રીનું ધ્યાન દોરે તેને લગતો પ્રશ્ન કરે તો તે ધ્યાનાકર્ષક પ્રસ્તાવ કહે છે જેનો સબંધીત મંત્રી ટૂંકો પ્રસ્તાવ રજુ કરે છે. આ પ્રસ્તાવ ૧૯૫૪ થી આવ્યો.

**કામ રોકો પ્રસ્તાવ :** કોઈપણ સભ્ય દ્વારા કોઈ મહત્વપૂર્ણ એવા સાર્વજનીક વિષય પર વિચાર કરવા માટે સદનની ચાલુ કાર્યવાહીને અટકાવવા કરાયેલ પ્રસ્તાવને કામ રોકો પ્રસ્તાવ કહે છે.

**કામ દરખાસ્તા :** ખાસ કરીને બજેટની ચર્ચામાં નાણાકીય બાબતોને ચોક્કસ રકમનો કાપ મુકવાની દરખાસ્ત સૂચવાય છે. કાપ દરખાસ્ત પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે. (૧) નીતિકાપ (૨) ટોકન કાપ અને કરકરસ કાપ એમ ત્રણ પ્રકારની કાપ દરખાસ્તોની બંધારણમાં જોગવાઈ છે.

**અવિશ્વાસ પ્રસ્તાવ :** સરકાર તરફનો અવિશ્વાસ રજુ કરવા માટે વિપક્ષ આ પ્રસ્તાવ રજુ કરે છે. ત્યારબાદ વિચાર વિમર્શ કરી કાર્યસૂચીમાં સામેલ કરવા મતદાન દ્વારા નક્કી થાય છે. પ્રસ્તાવ પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે. વાજપાઈ સરકાર અવિશ્વાસ દરખાસ્તમાં ગયેલ.

**વિશેષાધિકાર પ્રસ્તાવ :** કોઈ મંત્રીએ હક્કિતો છુપાવી કે ખોટી રીતે દર્શાવીને સંસદ સભ્યોનો વિશેષાધિકાર ભંગ કર્યા હોય તો આ વિશેષાધિકાર પ્રસ્તાવ રજુ કરી શકાય છે.

ગીલોટીન : ૧૭૮૯ ની ક્રાંતી બાદ ફ્રાન્સમાં કોઈ ગુન્હેગારને કે શંકમંદને મૃત્યુદંડ આપવ માટે વપરાતો જયારે ભારતમાં કોઈ ખરડા પર વધુ ચર્ચાને અવકાશ ના હોય ત્યારે મતદાન થકી અધ્યક્ષ પ્રશ્નોનો નિકાલ લાવે તેને ગીલોટીન પ્રસ્તાવ ગણાય છે.

**તારાંકિત પ્રશ્ન :** જે પ્રશ્ન પર તારાંક લગાવીને પ્રશ્નને વિશષાંકિત કરીને આ પ્રશ્નોનો ઉત્તર જે તે સભ્ય સદનમાં મેળવે છે.

**બિન તારાંકિત પ્રશ્ન :** સભ્ય આ પ્રશ્નોનો ઉત્તર લેખીતમાં મેળવવા ઈચ્છતો હોય તો તેને બિન તારાંકિત કહે છે.

**શૂન્ય કાળ :** જાહેર હિતના પ્રશ્નોને કોઈ સૂચના સીવાય કારોબારીને પુછાય છે. સંસદના બન્ને ગૃહોમાં પ્રશ્નકાળ પછીના સમયને શૂન્ય કાળ કહે છે. પ્રશ્ન કાળ ૧૨ કલાકનો હોય છે. જે પુરો થતા શૂન્ય કાળ શરૂ થાય છે.

**વોટ ઓફ ક્રેડીટ :** ભારતના બંધારણમાં યુધ્ધ કે આક્રમણ જેવા આકસ્મીક ખર્ચને પહોંચી વળવાના આશયથી સંસદને આવી નાણાકીય સત્તા આપવામાં આવી છે. બે માસ માટે સંસદ સરકારને બહાલી આપે છે. આ રીતે મેળવેલ નાણા નિયમિત અંદાજપત્રમાં રજુ કરવાનો રહે છે. સંસદમાં કલમ ૧૧૬ મુજબ ખરડો પસાર કરવો પડે છે.

**કોરમ :** સંસદ ચલાવવા માટે જરૂરી ૧/૧૦ જેટલી કુલ સભ્યોની સંખ્યાની હાજરીને કોરમ ગણાય છે.

**પ્રોટેમ સ્પીકર :** અધ્યક્ષની ગેરહાજરીમાં અન્ય સ્પીકર જે ગૃહની કાર્યવાહી સંભાળે તેને પ્રોટેમ સ્પીકર કહેવાય પ્રથમ વખત ચુંટાયેલ સભ્યોમાંથી એક વરિષ્ટ નેતાને કામચલાઉ નેતા તરીકે રાષ્ટ્ર પ્રમુખ નિમી ગૃહની કાર્યવાહી ચલાવાય છે. કાયમી અધ્યક્ષ આવતા આવા અધ્યક્ષ તેમને કાર્યભાર સોંપે છે.

**અર્ધા કલાકની ચર્ચા :** સંસદમાં રજુ થયેલ પ્રશ્નોની મૌખીક કે લેખીત જવાબ આપ્યા બાદ વધુ ચર્ચા કરવા સભ્યને સદનના ત્રીસ દિવસની પૂર્વે લેખીત પરવાનગી આપવામાં આવે છે જે ચર્ચાને લોકસભામાં અર્ધા કલાકની ચર્ચામાં ઉઠાવી શકાય છે.

**સેક્રેટરી જનરલ :** આ હોદો સંસદમાં રાજકારણથી અલીપ્ત હોય છે તેમની નિયુક્તી અધ્યક્ષ કરે છે. નિવૃત્તિ વય ૬૦ વર્ષની હોય છે. તેઓ લોકસભામાં કાયમી અધિકારી છે તેમનું કામ અધ્યક્ષ અને ગૃહને સાંકળવાનું હોય છે. તેઓ રાષ્ટ્રપ્રમુખના આદેશથી સભ્યોને ગૃહમાં હાજર રહેવા આદેશ આપે છે. સંસદના કામકાજનો હિસાબ અને રેકર્ડ તેઓ રાખે છે. તમામ ખરડાઓ રાષ્ટ્રપતિની સહિમાં સેક્રેટરી જનરલ દ્વારા મોકલવામાં આવે છે તેમજ સંસદની કાર્યવાહીના પુસ્તકો અને સંશોધન વિભાગ ચલાવે છે, નિભાવે છે અને અપડેટ કરે છે. રેકર્ડ વ્યવસ્થીત રાખે છે. સંસદના સભ્યો માટે તાલીમ વર્ગો તથા સેમીનારનું આયોજન કરી નવા સભ્યોને ગૃહની પરિભાષા, ગરીમા તથા નિતિ નિયમોથી અવગત કરાવે છે. રાજય સભાના સેક્રેટરી જનરલ પણ આજ રીતે કાર્યભાર સંભાળે છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

## વડાપ્રધાન મોદીનો સરદાર-આંબેડકર પ્રેમ



**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

ગુજરાતના સપૂત નરેન્દ્ર દામોદરદાસ મોદી ગાંધીનગરની ગાદીએથી દિલ્હી સલ્તનતના શહેનશાહ બન્યા પછી એમનામાં ઘણાને ઘણાં પરિવર્તન અનુભવાતાં હોય, પણ એક બાબતમાં એ સાતત્ય ધરાવતા રહ્યા છેઃ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ અને ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકર ભણીના પ્રેમભાવને એમણે અખંડ રાખ્યો છે. 'નંબર વન' ગણાવાની હોંશ નરેન્દ્રભાઈને સતત રહી છે. ચરોતર પ્રદેશના સપૂત ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા) પછી વડનગરના ફરજંદ એવા નરેન્દ્ર દામોદરદાસ મોદીમાં ચોવીસ કલાક જાગતો રાજનેતા ગુજરાતને મળ્યો. પારિવારિક જવાબદારીઓમાંથી મુક્ત અને સંઘ પરિવારની વ્યાપક શક્તિને સંગઠિતપણે કામે વાળવાની એમની આગવી દૃષ્ટિએ એમને યશ આપ્યો. પુરુષાર્થ અને પ્રારબ્ધ બેઉ નરેન્દ્રભાઈને પક્ષે રહ્યાં એટલે ક્યારેય સરપંચની ચૂંટણી પણ નહીં લડેલા ન.મો. સીધા જ મુખ્યપ્રધાન બન્યા અને એમના નેતૃત્વ થકી જ મે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષને અભૂતપૂર્વ વિજય મળતાં એ વડા પ્રધાન બન્યા.મુખ્ય પ્રધાન હતા ત્યારે સરદાર પટેલની ભવ્ય પ્રતિભા સ્થાપિત કરવાના એમના સ્વપ્નમાંથી જ સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી કરતાં પણ બમણી ઊંચાઈનું સરદાર સાહેબનું સ્ટેચ્યૂ ઓફ યુનિટી નર્મદા ડેમ નજીક ઊભું કરવાની યોજનાને એમણે ખૂબ જ લગનથી હાથ ધરી. ગુજરાતમાં બંધારણને હાથી પરની અંબાડીમાં પધરાવીને એમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં બંધારણયાત્રા પણ કાઢી હતી.લોકસભાની ચૂંટણીમાં પણ સરદાર પટેલ વડા પ્રધાન હોત તો દેશની શકલ કેટલી નોખી હોત એ વાત એમણે ખૂબ ગજવી. એમને પંડિત નેહરુ પ્રત્યેની ભારોભાર નફરત સતત પ્રગટતી રહી અને કોંગ્રેસથી દેશને મુક્ત કરાવવા માટેની એમની અપીલને મતદારોએ ઝીલી. વક્રદૃષ્ટા તો કહેશે કે માત્ર ૩૧ ટકા મત સાથે એ વડા પ્રધાન બન્યા, ૬૯ ટકા મતદારો તો એમના નેતૃત્વની વિરુદ્ધ હતા. જોકે જો જીતા વો હી સિકંદર. વિપક્ષો આંતરકલહમાં રમમાણ રહ્યા અને કોંગ્રેસના દસ વર્ષના શાસને પ્રજાનો મોહભંગ કર્યો હતો એટલે સત્તા પક્ષ કે મોરચાના અસંતુષ્ટોને પણ પોતાની સાથે જોડીને ગુજરાતના ચાણક્યમાંથી ચંદ્રગુપ્ત બનેલા મોદી દિલ્હીની ગાદીએ આવ્યા.

- છેલ્લા એક વર્ષમાં નરેન્દ્રભાઈના શુભહસ્તે દિલ્હી, મુંબઈ અને લંડનમાં ડૉ.બાબાસાહેબનાં ચાર - ચાર સ્મારકોને લીલી ઝંડી, સરદારનું ૧, ઔરંગઝેબ રોડ સ્મારક કોલ્ડસ્ટોરેજમાં
- ગુજરાતમાં વનબંધુ યોજનાને અગ્રિમતા અપાતી હતી કારણ આદિવાસીઓની વસ્તી વધુ હતી. રાષ્ટ્રીય સ્તરે આદિવાસીઓ કરતાં દલિતોની વોટબેંકને અંકે કરવાની સવિશેષ જરૂર જણાઈ
- ડૉ.આંબેડકરે નેહરુ સરકારમાંથી રાજીનામું આપ્યાની વાત મોદીએ છેડી, પણ એ માટેના સંજોગો સર્જવામાં ડૉ.રાજેન્દ્ર પ્રસાદ સહિતના સરદાર સમર્થકોએ અને ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી જેવા સનાતનીઓએ દબાણ આણ્યું હતું
- સરદારના ૧, ઔરંગઝેબ રોડ ખાતેના નિવાસનું સરકાર અધિગ્રહણ કરી શકે છે અથવા તો એ બંગલોના માલિક વિપુલ ખંડેલવાલને ખપતા ૧૦૦ કરોડ રૂપિયા મોદી સરકાર કે આનંદીબહેન સરકાર ચુકવી શકે છે

દિલ્હીની ગાદીએ આવ્યા પછી ફલકનો વ્યાપ બદલાયો. ગુજરાતમાં વનબંધુ યોજનાને અગ્રિમતા અપાતી હતી કારણ આદિવાસીઓની વસ્તી વધુ હતી.રાષ્ટ્રીય સ્તરે આદિવાસીઓ કરતાં દલિતોની વોટબેંકને અંકે કરવાની સવિશેષ જરૂર જણાઈ. પ્રત્યેક પ્રદેશ, પ્રત્યેક જાતિ અને પ્રત્યેક વર્ગને રાજી કરવામાં કામે વળેલા વડા પ્રધાન મોદીને સરદાર પટેલ કરતાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની વૈશ્વિક અપીલ વધુ મહત્ત્વની લાગવા માંડી. એટલે જ છેલ્લા એક વર્ષમાં એમણે દિલ્હી, મુંબઈ અને લંડનમાં ચાર-ચાર સ્મારકોને ડૉ. આંબેડકરના નામે લીલીઝંડી આપવાનું મુનાસિબ લેખ્યું. કમનસીબે આ ઝંઝાવાતમાં એ સરદારને 'રન ફોર યુનિટી' કે હારતોરા પૂરતા યાદ કરતા રહ્યા. દેશના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)માંથી ભાજપના રાજ્યસભાના સભ્ય અને કર્ણાટકના રાજ્યપાલ થયેલા ટી.એન. ચતુર્વેદીના અધ્યક્ષપદે વાજપેયી સરકારે નિયુક્ત કરેલી દિલ્હીમાં સરદાર સ્મારક તૈયાર કરવા માટેની ઉચ્ચસ્તરીય સમિતિને નેહરુ મેમોરિયલ જેવું સરદાર મેમોરિયલ સ્થાપિત કરવા અહેવાલ આપવા જણાયું હતું અને એના સભ્યપદે સ્વયં મોદી પણ હતા, છતાં ઓગસ્ટ ૨૦૦૨થી એ સમિતિનો અહેવાલ ધૂળ ખાતો જ રહ્યો છે. સ્વયં ચતુર્વેદીએ આ વિશે આર્તનાદ વ્યક્ત કર્યો હતો કે મોદીએ એનો અહેવાલ એકાદવાર મંગાવ્યો હતો, પણ ના તો એનડીએ કે ના યુપીએ સરકારે સરદાર માટે કોઈ કાર્યવાહી કરી. ગુજરાતમાંથી મોદીએ દિલ્હી ભણી ગતિ કરી ત્યારે સરદાર પટેલની ૧૮૨ મીટરની પ્રતિમા ઊભી કરવાનું, ત્રણ હજાર કરોડ રૂપિયાના બજેટથી, અનુગામી આનંદીબહેન પટેલને શિરે સોંપીને પોતે મોકળા થયા.

૨૧ માર્ચ ૨૦૧૬ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાનભવન ખાતે ડૉ. આંબેડકરના ભવ્ય સ્મારકનો શિલાન્યાસ અને છઠ્ઠું ડૉ. આંબેડકર સ્મૃતિ વ્યાખ્યાન આપતાં વિશ્વમાનવ ડૉ. બાબાસાહેબને વડા પ્રધાન મોદીએ ભવ્ય અંજલિ અર્પી. પુરોગામી વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહે આયોજનપંચના સભ્ય અને ડૉ. સોનિયા ગાંધીના વડપણવાળી રાષ્ટ્રીય પરિષદના સભ્ય રહેલા ડૉ. નરેન્દ્ર જાધવને ડૉ. આંબેડકરના સ્મારક માટે અહેવાલ આપવા નિયુક્ત કર્યા હતા. ડૉ. જાધવે અહેવાલ આપ્યો. એને સ્વીકારી લઈને મોદી સરકારે બંધારણના ઘડવૈયાના 'વિશ્વકક્ષાના સ્મારક'નું પોતે ૧૪ એપ્રિલ ૨૦૧૮ના રોજ ઉદઘાટન કરશે એવું જાહેર પણ કર્યું. આ સ્મારકના ભાગરૂપે ડૉ. આંબેડકરના દિલ્હીસ્થિત નિવાસસ્થાન ૨૬, અલીપુર રોડ બંગલોમાં એમના જીવનની સ્મૃતિઓને તાજી કરતી ચીજવસ્તુઓ રજૂ કરાશે. અગાઉ ગયા વર્ષે એપ્રિલ મહિનામાં વડા પ્રધાન મોદીએ દિલ્હીમાં ડૉ. બાબાસાહેબની સ્મૃતિમાં આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું ભૂમિપૂજન પણ કર્યું હતું. ગત નવેમ્બર ૨૦૧૫માં લંડન ખાતે અભ્યાસ દરમિયાન ડૉ. આંબેડકર જ્યાં નિવાસ કરતા હતા એ ૧૦, કિંગ હેરીઝ રોડ, વાયવ્ય લંડનસ્થિત ત્રણ માળના મકાનને મહારાષ્ટ્ર સરકાર થકી ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા સ્મારકનું ઉદઘાટન કર્યું હતું. ઉપરાંત મુંબઈમાં ઈંદુ મિલ કંપાઉન્ડની ૧૨.૫ એકર જમીન પર ૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે વધુ એક ડૉ.આંબેડકર સ્મારકનું ભૂમિપૂજન કરવા માટે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસે વડા

**અનુસંધાન પાના નં. ૭ પર**

## ફળોના રાજા એવી કેરી વિષે એના ફાયદાઓ વિષે તો જેટલું લખીએ એટલું ઓછું!





**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

આ Whatsapp ની દુનિયા પણ ભારે અતરંગી! દરરોજ જુદા-જુદા લોકોના નવા-નવા DP અને એને અનુરુપ સ્ટેટસ. ઉપરોક્ત પંક્તિઓ વાંચીને પ્રથમ નજરે એમ જ લાગે કે જાણે કોઈ પ્રેમલા પ્રેમલીની વાતો હશે! મેં પણ આ સ્ટેટસ વાંચ્યું ત્યારે મને તેમાં રસ પડ્યો. અહીં રસ એટલે (કેરીનો રસ). જી હા; આ આતુરતા કોઈ પ્રેયસી માટે નહિ પરંતુ કેરીના રસ માટેની છે. એ વાતની જાણ DP જોઈએ ત્યારે થાય કે જેમાં કેરીના રસથી છલોછલ ભરેલો વાટકો અને સાથે ગરમાગરમ પુરી દૃષ્ટિમાન થયા છે. વોટ્સએપ અને ફેસબુક પર દરેક પ્રસંગોને અનુરુપ ફોટા મૂકીને સૌ-કોઈ પોતાની wall ને (ફેસબુક વૉલને) સુશોભિત તેમજ અપડેટેડ રાખે છે. મેચ હોય ત્યારે ક્રિકેટરનો ફોટો, હોળી-ધુળેટીમાં રંગોથી પૂરેપૂરો ઢંકાઈ ગયેલા ચહેરાનો ફોટો, આમ અનેક રીતે વોટ્સએપ અને ફેસબુક આપણા મૂડ્સ અને આપણી આસપાસની ઘટનાઓને અનુરુપ Posts, DP અને સ્ટેટ્સ દ્વારા વ્યક્ત કરવાની પ્રથા શરુ થઈ છે. માણસના મૂડની જેમ જ હવે ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં પણ અચાનક જ પલટો આવી જાય છે. કયારેક અતિશય ગરમી, કયારેક અચાનક જ વરસાદ તો કયારેક પાછલી રાતના પહોરે અને વહેલી પરોઢે વર્તાતી ધ્રજાવી દેતી ઠંડી! સમજાય જ નહિ કે આ કઈ ઋતુ ચાલી રહી છે!

**મચ્છર કાટ રહે હૈં**
**કમ્બલ ભી ઓઢ રહે હૈં**
**પંખા ભી ચલ રહા હૈ**
**નહા ગરમ પાની સે રહે હૈં**
**ઔર પી ઠંડા પાની રહે હૈં**
**લગતા હૈ...**
કૌનો ફિરકી લે રહા હૈ...

હવે જયારે કુદરત જ ફિરકી લેવાના મૂડમાં આવી જાય તો કેરીના રસિયા ગુજરાતીઓ માટે આ ચિંતા વાજબી જ ગણાય કે સાચે જ કયાંક બહુ મોડું ન થઈ જાય!

ઉનાળાથી ત્રાહી ત્રાહી પોકારી જનારા તમામ ગુજરાતીઓ, કેરી અને કેરીના રસ માટે, આ જ ઉનાળાને આશીર્વાદરુપ માને છે. કેરી, એ એક એવું ફળ છે કે જે સંપૂર્ણપણે દેશી અને પોતીકું છે એટલે તેની સાથે સ્વાદની સાથેસાથે પોતાપણાની ભાવના પણ સંકળાયેલી છે. એમાં વળી કેરી તો કાચી હોય કે પાકી તેની છાલથી લઈને ગોટલા સુધીની તમામેતમામ વસ્તુઓ લાભદાઈ અને ગુણકારી છે. નાના-મોટા સૌ ને માટે કોઈ આ કેરી અને કેરીના રસનું એક સમાન મહત્ત્વ છે. ફળોમાં કેરી જ એક એવું ફળ છે જે નાના-મોટા, બિમાર કે વયોવૃદ્ધ સૌ કોઈને એક સમાન વહાલું છે. આપણે ત્યાં હાફુસ, કેસર, તોતા, રાજાપુરી એ બધી જ વૈવિધ્યસભર કેરીઓ જોવા મળે છે. પણ છેલ્લા થોડા વર્ષોમાં વિદેશમાં સારામાં સારી કેરીઓ ઊંચા ભાવમાં export કરવામાં આવતી હોવાથી કેરીના રસિયા ભારતીય ચાહકોમાં કેરી પ્રત્યેની ઈંતેજારી અને આતુરતા ચરમસીમાએ પહોંચી જાય છે. કમોસમી વરસાદ કે અચાનક જ પવનના વંટોળીયાને કારણે કેરીના પાકને નુકશાન થતાં ખેડૂતો કાર્બાઈડ નાખીને કે કૃત્રિમ રીતે કેરીને પકવવાના પ્રયત્નો કરે છે. જેને કારણે કેરીના અસલી સ્વાદનો ચાર્મ ફિક્કો થતો જણાય છે.

આમ તો આપણે ગુજરાતીઓ સ્વાદરિયા તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત છીએ જ પણ આ કેરીના ફળની વિશિષ્ટતાઓ તો શારીરિક રીતે પણ આપણા માટે અત્યંત લાભદાયી છે. પરસેવાથી લથબથ થઈને ગુસ્સામાં લાલચોળ થઈ જનારો ગુજરાતી કેરીના ઠંડા રસની એક જ ચમચી મોઢામાં મૂકતાંની સાથે જ અચાનક જ મૂડમાં આવી જાય છે. કાચી કેરીનો બાફલો, કાચી કેરી અને ડુંગળીનું કંચુબર, કેરીનો રસ, ગોટલીનો મુખવાસ અને કેરીની છાલમાંથી બનાવવામાં આવતો ફેસપેક આમ કેટકેટલા ફાયદાઓથી ભરપૂર છે આપણી આ 'કેરી'! તો પછી આના માટે પ્રેમીકા, પત્ની કે મનગમતી કોઈ પણ વ્યક્તિ કરતાં વધુ આતુરતાપૂર્વક રાહ જોવાનું મન થાય તેમાં શી નવાઈ! ફળોના રાજા એવી આ કેરી વિષે એના ફાયદાઓ વિષે તો જેટલું લખીએ એટલું ઓછું! તો આવો, આપણે પણ આટલા DP અને profile pictures માં આ કેરીના ફોટા સેટ કરીને આપણી ફિરકી લઈ રહેલા ઈશ્વરને રીઝવવાનો સહિયારો પ્રયાસ Whatsapp ના જ માધ્યમથી કરીએ!

**આજા વે માહી તેરા રસ્તા હો દેખ દીયા...**
**દેર ના હો જાયે કહીં... દેર ના હો જાએ...**

- nehalgadhavi101@gmail.com